dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન

B++ NAAC Accredited University
VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY

This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org

April 2010 For private circulation only Vol. 02 - Issue 31

ડૉ. આંબેડકર સમગ્ર દેશના હતા, પરંતુ આપણે તો તેમને માત્ર દલિતોના તારણહાર માનીને સીમિત કરી દઈ નાનકડા વર્તુળમાં બાંધી દીધા. બાબા સાહેબ તો તરછોડાયેલાઓના જગતના તારણહાર હતા અને મહામાનવ હતા. એમને માત્ર દલિતોના તારણહાર બનાવી દઈને નાના કરવાનું પાપ ભૂલેચૂકે પણ ના કરવું જોઈએ. આ વિશ્વમાનવને એક નાના ચકરડામાં બંધ ન કરીએ.

નરેન્દ્ર મોદી, ડૉ. આંબેડકર જયંતી પ્રસંગે વિશેષ - દિવ્યભાસ્કર, તા. ૧૪-૦૪-૨૦૧૦

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

૧૪મી એપ્રિલ એ ભારત રત્ન ડૉ. બાબા સાહેબ આંબેડકરનો જન્મદિન. ૧૮૯૨ની સાલમાં સૈનિક-આચાર્ય રામજી શકપાલ અને ભીમાબાઈનું ચૌદમું રતન ભીમરાવ, મધ્યપ્રદેશની મહુની લશ્કરી - 'પાયોનીયર બેટાલિયન છાવણી'-માં આ દિને જન્મ. કબીરપંથી ત્રિગુણી પિતા અને શીલવંતી માતાના શિસ્ત અને આડંબર રહિત ધર્મના પાઠોમાં સંન્યાસી દાદાના શુભ આશીર્વાદ ભળતાં ડૉ. ભીમરાવ આંબેડકરની રાષ્ટ્રપુરૂષ તરીકેની છબી ન ઉપસે તો નવાઈ લાગે. શ્રી ગુણવંત શાહ ડૉ. આંબેડકરને રાષ્ટ્રપુરૂષ ગણવાના બે સબળ કારણો આપે છે. પહેલું કારણ ૧૯૩૨ની મહાત્મા ગાંધીના આમરણ અનશનનો સુખદ અંત ડૉ. આંબેડકરે નમતું જોખવાથી આવ્યો. દલિતો માટે અલગ મતવિભાગો રચવાની દલિતો તથા સવર્ણો વચ્ચેની ભાગલા પાડવાની અંગ્રેજોની રાજનીતિ સામે ગાંધીજીએ આમરણ અનશન શરૂ કર્યા હતા. જો ડૉ. આંબેડકરે ગાંધીજીની વાત સ્વીકારી ન હોત તો ઘણો મોટો અનર્થ સર્જાયો હોત. બીજી ઘટના, ડૉ. આંબેડકર ઈસ્લામ કે ખ્રિસ્તી ધર્મના અનેક પ્રલોભનો છોડી ભગવાન બુધ્ધને શરણે ગયા. બૌધ્ધ ધર્મ ભારતીય ભૂમિમાં ઊગેલો ધર્મ અને બુધ્ધની કરુણાની સુગંધ ભારતની ભૂમિના કણ કણમાં પ્રસરેલી હોઈ ભારતના લાખો ગામડાઓમાં હિંસક સંઘર્ષ ટળી ગયો.

આજીવિકા માટે રામજી શકપાલ દાપોલી લશ્કરી નોકરીમાં સતારા મુંબઈના ત્રિકોણમાં ફરતા રહયા અને આ ત્રિકોણી અથડામણમાં બાળક ભીમરાવનું ઘડતર થવા લાગ્યું. ભીમરાવ જન્મથી મહાર અને જન્મજાત અછૂત. શાળામાં પરાણે પ્રવેશ મેળવ્યો, ને જુદો બેસીને ભણ્યો. સતારા શાળાના કડવા અનુભવો તેમને જીવનભર વેદના આપતા રહયા. નિશાળમાં તરસ લાગે તો બીજાની દયા પર નિર્ભર. હજામ તેમના વાળ કાપે નહી એટલે મોટીબેન તે સેવા કરે. વર્ગમાંના બ્લેક બોર્ડ પાસે પહોંચાય નહિ, કચવાતા મને કંતાનના ટુકડા ઉપર વર્ગ બહાર બેસવાનું. મુંબઈની એલ્ફીસ્ટન હાઈસ્કૂલના શિક્ષકોએ આ મહાર શુદ્રને - સંસ્કૃત ભણાવવાની સ્પષ્ટ ના પાડી દીધી જેથી પરાણે 'પર્શીયન' ભણવી પડી. આમ છતાં, રણમાં એક મીઠી વીરડી જેવા શાળાના એક શિક્ષક-આંબેડકર તેમને ખૂબ પ્રેમ કરતા હતા. ભીમરાવના ગામ ઉપરથી આવેલી અટક 'આંબાવડેકર' ઉચ્ચારવામાં મુશ્કેલ હતી તેથી આ પ્રેમી શિક્ષકે પોતાની અટક 'આંબેડકર' બાળક ભીમરાવને આપી ત્યારથી તેઓ આંબેડકર બન્યા. વિલ્સન હાઈસ્કૂલના મુખ્ય શિક્ષક કૃષ્ણાજી અર્જુન કેળુસકરે વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડ ત્રીજા જોડે ભેટો કરાવી આપ્યો. પરિણામે ગાયકવાડની શિષ્યવૃત્તિથી તેઓ ૧૯૧૨માં ગ્રેજયુએટ થયા. પુનઃ શિષ્યવૃત્તિ મેળવી અમેરિકાની કોલંબિયા યુનિવર્સિટીમાં એમ.એ. તથા એમ.એસસી. થયા. ગાયકવાડ મહારાજનું ઋણ અદા કરવા વડોદરા રાજયની નોકરી કરવા સપ્ટેમ્બર ૧૯૧૭માં 'સૈનિક સચિવ' તરીકે જોડાઈ ગયા.

ડૉ. આંબેડકર ઈંગ્લેન્ડ-અમેરિકા અભ્યાસ કરી આવેલ અધિકારી હોવા છતાં ભારતમાં તે 'અસ્પૃશ્ય' રહયા. આખું વડોદરા ખૂંદી વળ્યા પરંતુ કોઈએ ભાડે મકાન ન આપ્યું. એદલજી સોરાબજી એવું બનાવટી પારસી નામ ધારણ કરી પારસી બાવાની (વીશી) હોટલમાં અન્ય વ્યવસ્થા ન થાય ત્યાં સુધી મુકામ કર્યો પરંતુ અગિયારમા દિવસે અગ્નિપૂજકોને આ અસ્પૃશ્યની ખબર પડી... 'વીશી' વટલાઈ ગઈ.. લબાચા ફેંકી આંબેડકરને અપમાનિત કરવામાં આવ્યા. પોતાના એક પ્રવચનમાં ડૉ. આંબેડકરે કહયું, "હું આખો દિવસ મકાન માટે ભટકયો મને કયાંયે મકાન ન મળ્યું. કેટલાય મિત્રો-હિન્દુ, ખ્રિસ્તી, મુસ્લિમોને મળ્યો હતો. પરંતુ તેમણે જુદાં જુદાં બહાના કાઢી મને રવાના કરી દીધો. મારી મતિ મુંઝાઈ ગઈ. મને કશુંય સુઝતું નહોતું કે હવે મારે શું કરવું ? મારું હૃદય ભરાઈ આવ્યું. એક વૃક્ષ નીચે બેસી હું ચોધાર આસુંએ રડી પડયો." જેવી રીતે ગાંધીજીને દક્ષિણ આફ્રિકામાં મોરિત્સબર્ગ સ્ટેશને ફેંકી દીધેલા અને ત્યારબાદ તેમનું આખું જીવન બદલાઈ ગયું તેવી જ રીતે વડોદરાના આ વસમા અનુભવે ડૉ. આંબેડકરનું સમગ્ર જીવન-મિશન બદલાઈ ગયું. અધિકારી આંબેડકરમાંથી ચિંતક આંબેડકરનો અવિર્ભાવ થયો... બુધ્ધની જેમ સમાજસેવાની 'સંબોધિ' પ્રાપ્ત થઈ. આગળ જતાં, આંબેડકરે સોગંદ લીધા કે...

"જે સમાજમાં હું જન્મ્યો છું તે દલિત સમાજ ઉપરના અમાનવીય, અન્યાયી, ઘૃણાજનક, ગુલામીયુકત અત્યાચારો દૂર કરવામાં હું નિષ્ફળ નિવડીશ તો બંદુકની ગોળી વડે મારા દેહનો અંત આણીશ." ભારે હ્રદયે વડોદરાની વિદાય લઈ આજીવિકા માટે સિડહોમ કોલેજમાં અર્થશાસ્ત્રના અધ્યાપકની નોકરી સ્વીકારી, સમાજસેવાની આહલેક જગાવી.

દલિતોના પ્રશ્નોને વાચા આપવા 'બહિષ્કૃત હિતકારિણી સભા'ની સ્થાપના કરી. 'શિક્ષિત બનો...સંઘર્ષ કરો...સંગઠિત બનો'નો મુદ્રાલેખ નકકી કરી અન્યાય, અત્યાચાર, દમન અને શોષણ સામે તેમણે જંગ માંડયો. ડૉ. આંબેડકરે સમાજ સુધારક, પત્રકાર, લોકનાયક, લેખક, રાષ્ટ્રભકત, બંધારણના ઘડવૈયા વગેરે અનેક પ્રકારની ભૂમિકા ભજવી છે. પરંતુ મુખ્ય કાર્ય અસ્પૃશ્યતા નિવારણનું હતું. તે માટે તેમણે આંદોલનો કર્યાં. મહાડ (નાસિક)ના ચાગળું પાણી પીવાના સત્યાગ્રહથી તે નાશિકના કાળારામ મંદિરમાં પ્રવેશ મેળવવા ધર્મયુદ્ધ પણ ખેલવું પડયું. અસ્પૃશ્યતા નિવારણ એ ડૉ. આંબેડકરના જીવનનું ગુરુત્વમધ્યબિંદુ હતું.

સામાજિક પ્રવૃત્તિના પ્રારંભથી ડૉ. આંબેડકર શિક્ષણના પ્રખર હિમાયતી હતા. તેમના જીવનના ત્રણ મંત્રો 'શિક્ષિત બનો, સંઘર્ષ કરો, સંગઠિત થાવ'માં પણ શિક્ષણ પ્રથમ ક્રમે આવે છે. તેમના શિક્ષણ વિશેના વિચારો હતા કે : "માનવને શરીરની સાથે સાથે મન પણ છે. આપણે મન અને શરીર બંનેનો વિચાર કરવો જોઈએ. મનનો પણ વિકાસ થવો જોઈએ. માનવ માત્ર ભાખરી ઉપર જીવે નહિ તેને સુસંસ્કૃતિની પણ એટલી જ આવશ્યકતા હોય છે... તે શિક્ષણથી જ પ્રાપ્ત થઈ શકે." માત્ર રોટલીનું તત્ત્વજ્ઞાન 'ખાવો પીવો મજા કરો' તેમને સ્વીકાર્ય નહોતું જ. તેને તેઓ 'Pigphilosophy' કહી નિંદતા હતા. તેમને તો મહામાનવ બુધ્ધના તત્ત્વજ્ઞાન 'શુભ જીવન'માં સંપૂર્ણ શ્રધ્ધા હતી. તેમના મતે, "શિક્ષણ એ પવિત્ર સંસ્કાર છે. શાળામાં માનવી સુસંસ્કૃત બને છે. શાળા એટલે ઉત્તમ નાગરિકોના ઘડતરનું પવિત્ર સ્થળ. શિક્ષણ એટલે રાષ્ટ્રીયતા, માનવતા અને અજ્ઞાનતા દૂર કરવાનું ઉદ્દાત કાર્ય. શિક્ષકગણ રાષ્ટ્રના સારથિ સમા છે, કારણ કે તેમના હાથમાં શિક્ષણની લગામ હોય છે."

ઉચ્ચશિક્ષણ વિશે ડૉ. આંબેડકરનું માનવું હતું કે, "ભારતમાં પછાત વર્ગોને ઉત્કર્ષ કે મુકિતના માર્ગે આણવા એટલે પ્રાચીનકાળ પ્રમાણે તેમના અન્નવસ્ત્રોની થોડી ઘણી વ્યવસ્થા કરવી. ઉચ્ચવર્ણના લોકોની આવી સેવા માટે તેમને સક્રિય કરવા તેમ નહિ, પરંતુ માનવ-માનવ વચ્ચેના શ્રેષ્ઠ-કનિષ્ઠના ભેદભાવ નષ્ટ કરવા. તેમને ગુલામ રાખનારી ઊંચ-નીચના ભેદભાવવાળી વિષારી વિચારસરણીનો વિનાશ કરી તેમાંથી તેમને મુકત કરવા તે છે. આ માટે પછાતવર્ગોને જાગૃત કરવા પડશે. તેમનામાં આત્મસન્માન આણવું પડશે અને આ કાર્ય ઉચ્ચશિક્ષણ સિવાય શકય નથી જ. સેંકડો વર્ષોથી શિક્ષણથી વંચિત રાખેલા લોકોને જ્ઞાનનો-સંસ્કૃતિનો લાભ આપવો જ પડશે. તે માટે આ લોકોને શાળા, મહાશાળાની સૌથી વધારે આવશ્યકતા છે." આઝાદીના સાઈઠ વર્ષ બાદ પણ ઉચ્ચશિક્ષણમાં આવા પછાત લોકોનો ગ્રોસ એનરોલમેન્ટ દર પાંચથી પણ ઓછો છે જે દર્શાવે છે કે હજી આપણી મંઝીલ કેટલી દૂર છે.

ધર્મ અંગેના ડૉ. આંબેડકરના વિચારો બહુ જ સ્પષ્ટ હતા. તેઓ કહેતા કે "ધર્મ તો સ્વતંત્રતા, સમાનતા અને બંધુતાને વિસ્તારે છે. માનવ સાથે અન્ય માનવોને જોડવાનું કામ કરે છે. ધર્મ જડ નહીં, ગતિશીલ છે. ધર્મ જીવન જીવવાની કળા છે, જીવનને હણવાનું શસ્ત્ર નથી. સદાચાર, નૈતિકતા કે નીતિમત્તાપૂર્ણ વ્યવહાર એ જ ધર્મ." ડૉ. આંબેડકરના ચિંતનમાં માનવ કેન્દ્રસ્થાને હતો. તેથી તેમણે ભારતને વિશ્વમાં ગુરુસ્થાન અપાવનાર, ભારતીય સંસ્કૃતિના પ્રતીક સમા બૌધ્ધ ધર્મને અંગીકાર કર્યો. ડૉ. આંબેડકરનું સ્પષ્ટ માનવું હતું કે, "બૌધ્ધ ધર્મનો પાયો નૈતિક આચરણનો જ છે. ઈશ્વરને સ્થાને પણ નૈતિક આચરણ છે. વળી, જન્મ પહેલાંના કર્મો-ભાગ્યવાદ ને કર્મકાંડ તેમજ જાતિવાદને તેમાં જરાપણ સ્થાન નથી. સ્વાતંત્ર, સમતા અને બંધુતા તેના પાયામાં છે." ડૉ. આંબેડકર બૌધ્ધ ધર્મને એક સામાજિક સિધ્ધાન્ત તરીકે માનતા હતા.

ભારતીય સંવિધાનના શિલ્પી ડૉ. આંબેડકરે ભારતીય સંવિધાનને બંધારણ સભામાં પસાર થવા મૂકયું હતું. તા. ૨૫-૧૧-૧૯૪૯ને શુક્રવારે તેમણે બંધારણ સભાના સમાપન પ્રવચનમાં જણાવ્યું હતું કે "માત્ર રાજકીય લોકશાહીથી સંતોષ માનવો જોઈએ નહિ. આપણે આપણી રાજકીય લોકશાહીને સામાજિક લોકશાહી પણ બનાવવી જોઈએ. રાજકીય લોકશાહીના પાયામાં સામાજિક લોકશાહી રહેલી ન હોય તો રાજકીય લોકશાહી ચાલી શકે નહિ. સામાજિક લોકશાહી એટલે શું ? એનો અર્થ જીવનની એક રીત, જે સ્વતંત્રતા, સમાનતા અને બંધુત્વને જીવનના સિધ્ધાંત તરીકે સ્વીકારે. આ સ્વતંત્રતા, સમાનતા અને બંધુત્વના સિધ્ધાંતોને ત્રિત્વમાં અલગ બાબત તરીકે ગણવી જોઈએ નહિ. તેઓ ત્રિત્વનું ઐકય એવા અર્થમાં રચે છે કે એકમાંથી બીજાને છૂટું પાડવું એટલે લોકશાહીનો મૂળ હેતુ જ નિષ્ફળ બનાવવો." બંધારણ ઘડનાર સમિતિના સદસ્ય શ્રી કનૈયાલાલ મુનશી લખે છે, "હું બંધારણ સભામાં તેમની સાથે ખૂબ નજીકથી સંકળાયેલો હતો અને તેમના વાસ્તવવાદ, દીર્ઘદ્રષ્ટિ અને રાજકારણ સાથેના સંબંધમાં મનુષ્યની પ્રકૃતિ વિશેની તેમની સમજને નિતાન્ત આનંદ આપતાં મને આનંદ થાય છે. આપણા બંધારણનો મુસદ્દો ઘડવામાં અને તેની ઉત્ક્રાંતિમાં તેમનો ફાળો તેમના જીવનનું સૌથી મોટું રચનાત્મક પાસું છે."

આંબેડકરી વિચારધારાને સૂત્રાત્મક રીતે રજૂ કરતાં "ડૉ. આંબેડકર-વિચાર અને વ્યવહાર" પુસ્તકમાં શ્રી ગોવિંદભાઈ ચૌહાણ આ રીતે દર્શાવે છે : "ગુલામી નહીં સ્વતંત્રતા, નસીબ નહીં પરિશ્રમ, અપમાન નહી સ્વાભિમાન, જયોતિષ નહીં કર્મ, યાચના નહીં અધિકાર, મૂર્તિપૂજા નહી ગુણપૂજા, એકાધિકાર નહીં લોકશાહી, ધનાર્જન નહીં જ્ઞાનાર્જન, ભેદ નહીં બંધુતા, શોષણ નહીં સદાચાર, અધર્મ નહીં સદાચાર, દમન નહીં સમાનહકક, પ્રયોગો : સત્યના નહીં, માનવતાના, અ-વર્ણ નહીં સમ-વર્ણ, સ-વર્ણ નહીં સમ-વર્ણ, જાતિવાદ નહીં માનવતા, હિન્દુ-મુસ્લિમ નહીં ભારતવાસી."

અંતે, સમાજની બૂરાઈઓને દૂર કરવામાં ડૉ. આંબેડકરના વિચારોને સમજીએ અને સમજણની શકિતથી સમાજમાં સમતા, મમતા અને સમરસતાનાં એક દિવ્ય વાતાવરણનું સર્જન કરી આ મહાપુરૂષને ભાવાંજલિ આપીએ.

૧૫ એપ્રિલ, ૨૦૧૦

બી.એ. પ્રજાપતિ
કુલપતિ

# યુનિવર્સિટી ન્યૂઝ

## માનવ વિકાસ અહેવાલ



આયોજન પંચ અને સંયુકત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ હેઠળ રાજય યોજનાઓને માનવ વિકાસ માટે સંગીન બનાવવાની પ્રાયોજના અંતર્ગત આપણી યુનિવર્સિટીને સુરત જિલ્લાનો માનવ વિકાસ અહેવાલ તૈયાર કરવાની જવાબદારી રાજય સરકાર દ્વારા આપવામાં આવી હતી. સુરત જિલ્લાનો માનવ વિકાસ અહેવાલ તૈયાર કરવાની સમગ્ર કામગીરી યુનિવર્સિટીના રિસર્ચ મેથોડોલોજી એન્ડ ઈન્ટરડિસિપ્લનરિ સ્ટડિઝ ઈન સોશ્યલ સાયન્સ દ્વારા કરવામાં આવી છે. કુલપતિશ્રી ડૉ. બી.એ. પ્રજાપતિ અને ડૉ. કિરણ એન. પંડયા આ પ્રોજેકટના મુખ્ય આવાહક હતા. પ્રોજેકટ ટીમનાં અન્ય સભ્યો તરીકે ડૉ. સ્મૃતિ બલસારી, ડૉ. ગૌરાંગ રામી, ડૉ. યોગેશ વાંસીયા, ડૉ. અરુણા પંડયા, ડૉ. મધુસુદન રાજ અને પ્રો. એન.બી.દવેએ પ્રશંસનીય સેવાઓ આપી હતી.

આ અહેવાલમાં સુરત જિલ્લાના માનવ વિકાસને સ્પર્શતા વિવિધ સદરો જેવા કે આરોગ્ય, શિક્ષણ, પોષણ, સેનીટેશન, પાણી પુરવઠો, મહિલાની સમસ્યાઓ વિગેરે બાબતો અંગે વિસ્તૃત માહિતીનું સંકલન કરી તારણો રજૂ કરવામાં આવ્યાં છે. અગીયારમી પંચવર્ષીય યોજનામાં "સર્વાંગી વિકાસ આધારિત વૃધ્ધિદર"ની વ્યૂહરચનામાં માનવ વિકાસ અભિગમને એક અંતર્ગત ભાગ તરીકે સમાવિષ્ટ કરવામાં આવેલ છે. ગુજરાત સરકારે માનવ વિકાસની વ્યૂહરચના અમલી બનાવી છે. જેનો સમાજના તમામ વર્ગો અને ખાસ કરીને નબળા વર્ગોના કલ્યાણનો ઉદ્દેશ છે. આ અહેવાલ જિલ્લા કક્ષાએ માનવ વિકાસને કેન્દ્રમાં રાખી વિકાસની વ્યૂહરચનામાં ઘણો ઉપયોગી થઈ શકે છે.

જિલ્લા માનવ વિકાસ અહેવાલમાં કુલ છ પ્રકરણ છે અને ૨૫૯ પાનાં છે. પ્રથમ પ્રકરણમાં સુરત જિલ્લાનો પરીચય આપવામાં આવ્યો છે. સુરત જિલ્લાની માળખાગત સુવિધાઓની ચર્ચા પ્રકરણ-૨માં કરવામાં આવી છે. ગરીબાઈ અને સંલગ્ન બાબતોની ચર્ચા પ્રકરણ ૩માં કરવામાં આવી છે. સાક્ષરતા દર, શાળા છોડી જવાનો દર, પ્રવેશ સંખ્યાનો દર અને શિક્ષણની અન્ય બાબતોની ચર્ચા પ્રકરણ-૪માં કરવામાં આવી છે. પ્રકરણ-૫માં સ્વાસ્થ્ય, રોગચાળાઓ, વગેરે બાબતની ચર્ચા કરવામાં આવી છે. પ્રકરણ-૬માં પર્યાવરણ, મહિલાઓ અને સલામતિ બાબતની ચર્ચાઓ કરવામાં આવી છે. માનવ વિકાસના અન્ય પાસાઓનો અભ્યાસ કરવા અને સ્થળાંતરીત લોકોની સમસ્યાઓ સમજવા માટે ક્ષેત્ર અભ્યાસ પણ કરવામાં આવ્યો છે. સમગ્ર રીતે જોતાં સુરત જિલ્લાનો સુંદર અને અભ્યાસપૂર્ણ માનવ વિકાસ અહેવાલ તૈયાર કરવામાં આવ્યો છે. સુરત જિલ્લાના કલેકટરશ્રીની અધ્યક્ષતામાં રચેલ કોર કમિટિમાં અહેવાલની ચર્ચા વિચારણ કરી અને તજજ્ઞો સાથે વિમર્શ કરી સરકારશ્રીને અહેવાલ આગળની કાર્યવાહી માટે સુપરત કરવામાં આવ્યો છે. અહેવાલ તૈયાર કરવામાં યુનિવર્સિટી વહીવટી તંત્ર, કલેકટરશ્રી, સરકારશ્રીની વિવિધ કચેરીના અધિકારીશ્રીઓ અને માનવ વિકાસ નિયામકની કચેરી દ્વારા ખૂબ સારો સહયોગ પ્રાપ્ત થયો છે. તેની આભાર સહ નોંધ લઈએ છીએ. સમગ્ર ટીમના સભ્યોને અભિનંદન પાઠવી તેમને આ પ્રકારના વધુ પ્રકલ્પો હાથ ધરવા શુભેચ્છા પાઠવીએ છીએ.

## Minaxi Lali Science Award



Gujarat Science Academy, Ahmedabad, was formed in 1978 to bring together scientists from various fields such as education, Research Technology, Industries, and Medicine etc. Academy with its broad vision and to motivate and encourage young minds, conducts Minaxi Lalit Science Award Test every year all over Gujarat. Since last three years this exam is hosted by Un iversity Biosciences Department, with full commitment and dedication of South Gujarat region co-ordinator, Prof. M.H.Parabia and Exam incharge Dr. Gaurav Shah.



-Bhuva Chirag G. of Department of Biotechnology, Veer Narmad South Gujarat University (Semester-6) Stood 1st in state in the subject of Biotechnology at under-graduate level, won cash prize of Rs. 1000/- and a Certificate from Gujarat Science Academy, Ahmedabad.

Vice-Chancellor Dr. B.A.Prajapati, course co-ordinator Dr. M.H.Parabia and teaching faculties of Biotechnology Department congratulated him on his marked achievement.

## પ્રદર્શન

રાષ્ટ્રીય વિજ્ઞાન સંગ્રહાલય પરિષદ ભારત સરના નેજા હેઠળ કાર્યરત જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર ધરમપુર ખાતે ભૌતિકીના સૌ વર્ષ નિમિત્તે યોજાયેલ પ્રર્દશનનું ઉદ્દઘાટન ડૉ. કિશોરભાઈ પોરીયા, અધ્યક્ષ, ભૌતિકશાસ્ત્ર વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરતના વરદહસ્તે પ્રા.અનિલ ગોયેલ, બી.કે.એમ.સાયન્સ કોલેજ વલસાડ અને ૧૯૦ જેટલા વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું.ઉદબોધનમાં ડૉ. કિશોરભાઈ પોરીયાએ જણાવ્યું કે ભૌતિકશાસ્ત્રમાં છેલ્લા ૨૦૦ વર્ષમાં અભૂતપૂર્વ શોધ થયેલી છે. તેમાં પણ ઈ.સ. ૧૯૮૦ થી ૨૦૦૦ના વર્ષોમાં માહિતી પ્રોદ્યોગિકી અને ઈન્ટરનેટના વિકાસને કારણે ભૌતિક સુવિધાઓમાં વૃધ્ધિ થઈ છે. જેમાં ભૌતિકશાસ્ત્ર એટલે પ્રકૃતિ અને અવસ્થાને વ્યાખ્યાયિત કરવા માટે દબાણ, તાપમાન કદ વગેરે પરિણામોની જરૂર પડે છે. એન્જિનિયરિંગ અને ટેકનોલોજીને કારણે ભૌતિક વિશ્વમાં રેડિયો, ટી.વી., મોબાઈલ, કમ્પ્યૂટર જેવા ઉપકરણો આધુનિક બન્યા છે. ભૌતિકીના સો વર્ષ દરમિયાન વૈજ્ઞાનિકોએ વિશિષ્ટ યોગદાન આપીને સમાજને ઉપયોગી શોધો કરી છે. પ્રા. અનિલ ગોયેલે તેમના ઉદ્‌બોધનમાં રોજિંદા જીવનમાં ભૌતિકશાસ્ત્ર વિશેની વાતો કરી હતી.

## Job Placement

યુનિવર્સિટીના ગ્રામ અભ્યાસ વિભાગના અધ્યક્ષ શ્રીમતિ સ્મિતાબેન દેસાઈ, પ્રા. શ્રી. દિપકભાઈ ભોયે અને ડૉ. દર્શન ભંડેરીના સંનિષ્ઠ પ્રયાસોથી આ વિભાગના ૧૭ વિદ્યાર્થીઓને ગુજરાત સરકારના WASMO (વૉટર એન્ડ સેનિટેશન મેનેજમેન્ટ ઓર્ગેનાઈઝેશન)માં સારી શરતોને આધિન નોકરી પ્રાપ્ત થયેલ છે.

ગ્રામ અભ્યાસ વિભાગે વર્ષ ૨૦૦૯-૧૦ના સિમેસ્ટર-૪ના કેટલાક વિદ્યાર્થીઓને અભ્યાસક્રમના એકભાગ રૂપે WASMOમાં તાલીમ માટે મોકલ્યા હતા. આ વિદ્યાર્થીઓની કામગીરીથી પ્રભાવિત થઈને WASMOના અધિકારીઓએ યુનિવર્સિટી ખાતે તા. ૨-૩-૨૦૧૦ના રોજ લીધેલ ઈન્ટરવ્યૂમાં સત્તર વિદ્યાર્થીઓને નોકરીની ઓફર કરી હતી. અભિનંદન.

## ગ્રંથાલય

CMIEનું 'Prowess' Multi User LAN Versionનું વાર્ષિક લવાજમ યુનિવર્સિટી ગ્રંથાલય દ્વારા ભરવામાં આવેલ છે. આ ડેટાબેઝમાં ૨૩૦૦૦ જેટલા વિશાળ અને મધ્યમકક્ષાના ઉદ્યોગોનો ડેટા ઉપલબ્ધ હોય છે. વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને સંશોધકો આ ડેટાબેઝનો ઉપયોગ કરવા ઈચ્છતા હોય તો યુનિવર્સિટી ગ્રંથાલયનો સંપર્ક કરવો.

## M.Phil

A List of dissertations accepted by Veer Narmad South Gujarat University, Surat during August-October 2009.

**Commerce**

1. Patel, Brijeshkumar Shantilal. **Customer's perceptions about retail shopping mall : a study of Surat city.** (Dr. Seema O. Desai), Lecturer in Economics, Sir K. P. College of Commerce, Surat.

2. Shaikh, Imlak Nurmahmad. The trend of online banking : an econometric analysis of some selected cities and towns of the South Gujarat region. (Dr. R. S. Patel), Lecturer, Sheth C.D. Barfiwala College of Commerce, Surat.

**Comparative Literature**

3. Surati, Pritiben Balvantbhai. **'જીવન સંભારણા' (ગુજરાતી) અને 'મનોહર છે, તો પણ...' (મરાઠી) : સ્વરૂપલક્ષી તુલનાત્મક અભ્યાસ.** (Dr. Damyantiben D. Parmar), Reader & Head, Department of Comparative Literature, Veer Narmad South Gujarat University, Surat.

**Computer Science**

4. Thakkar, Rahul Gunvantlal. **Decision tree for data mining stock market database to classify stocks based on price and intrinsic value.** (Dr. Rustom D. Morene), Dept. of Computer Science, Veer Narmad South Gujarat University, Surat.

**Economics**

5. Bhatt, Yashodhara Jitendrabhai. વિજળી ક્ષેત્રે સરકારી અને ખાનગી કંપનીઓની કામગીરીનો તુલનાત્મક અભ્યાસ (સુરત શહેરના સંદર્ભમાં). (Dr. Kirit S. Zankharia), Reader, Department of Economics, Veer Narmad South Gujarat University, Surat.

**Gujarati**

6. Patel, Navinbhai Amrutbhai. **મણિલાલ હ. પટેલની વાર્તાઓ : એક અભ્યાસ.** (Dr. A. A. Sheikh), Lecturer, Govt. Arts & Comm. College, Vansda.

7. Patel, Rekha Devidas. **સુંદરમ્, ઉમાશંકર જોષી અને મેઘાણીની કવિતામાં પ્રતિબિંબિત રાષ્ટ્રિય અસ્મિતા (''કાવ્યમંગલા'', ''ગંગોત્રી'', અને ''યુગવંદના'' નાં વિશેષ સંદર્ભે).** (Dr. Bharat S. Parikh), Lecturer, Smt. J. P. Shroff Arts College, Valsad.

8. Patel, Sandip Thakorbhai. **ઈશ્વર પેટલીકર કૃત 'જનમટીપ' અને પીતાંબર પટેલ કૃત 'ધરતીના અમી' નવલકથાઓની નાયિકાનો તુલનાત્મક અભ્યાસ.** (Dr. Bharat Parikh), Lecturer, J. P. Shroff Arts College, Valsad.

9. Pawar, Narendra Dilipbhai. **સુનીલ ગંગોપાધ્યાય કૃત 'સ્વર્ગ નીચે મનુષ્ય' અને ઉશનસ્ કૃત 'વગડો' નવલકથાનો તુલનાત્મક અભ્યાસ.** (Dr. Bharat Parikh), Lecturer, J. P. Shroff Arts College, Valsad.

10. Patel, Hetalben Umakant. **'ગુજરાતી પ્રવાસ સાહિત્યમાં હિમાલયદર્શન' (કાકાસાહેબ કાલેલકર કૃત 'હિમાલયનો પ્રવાસ', શ્રી ભોળાભાઈ પટેલ કૃત 'દેવતાત્મા હિમાલય' અને પ્રવીણભાઈ દરજી કૃત 'હિમાલયના ખોળે'ના વિશેષ સંદર્ભે).** (Dr. Bharat S. Parikh), Lecturer, J. P. Shroff Arts College, Valsad.

11. Vasavda, Chetna Dushyantkumar. **કવિશ્રી રાજેન્દ્ર શાહ અને કવિશ્રી રમેશ પારેખની ગીત રચનાઓ : એક અધ્યયન.** (Dr. Jashu Patel), Lecturer, Arts & Commerce College, Olpad.

12. Maheta, Kirankumar Chunilal. **ગાયકવાડી શાસન દરમિયાન નવસારી પ્રાંતમાં આદિવાસી અને દલિતોદ્ધાર પ્રવૃત્તિ : એક ઐતિહાસિક અધ્યયન.** (Dr. Harshaben C. Patel), Principal, J. P. Pardiwala Arts & Commerce College, Killa Pardi.

13. Tandel Daxaben Ranchhodbhai. **ઉશનસ્‌નું સર્જનાત્મક ગદ્ય.** (Bharat Parikh), Lecturer, J. P. Shroff Arts College, Valsad.

14. Patel, Chandrikabahen Chimabhai. **મરાઠી આત્મકથા 'ઉઠાઉગીર' (લક્ષ્મણ ગાયકવાડ) અને હિન્દી આત્મકથા 'જૂઠન' (ઓમપ્રકાશ વાલ્મીકિ)નો તુલ્નાત્મક અભ્યાસ.** (Dr. Jashubhai Patel), Lecturer, Arts & Commerce College, Olpad.

15. Patel, Hinaben Parbhubhai. **નરસિંહ મહેતાનાં પ્રતિનિધિ પદોમાં કલ્પનનો વિનિયોગ.** (Dr. Bharat S. Parikh), Lecturer, J. P. Shroff Arts College, Valsad.

16. Patel, Darshanakumari Hasmukhbhai. **પ્રિયકાન્ત મણિયારની પ્રકૃતિકવિતા-એક અભ્યાસ.** (Dr. Gajanan Patel), Lecturer, Shri M.R.D. Arts & E.E.L. Koshadia Commerce College Chikhli.

17. Desai Minalde Sumansinh. **અશોકપુરી ગોસ્વામીની નવલકથાઓ : એક અભ્યાસ.** (Dr. A. A. Shaikh), Lecturer, Govt. Arts & Commerce College, Vansda.

18. Solanki Nayaleshbhai Manilal. नरेश महेता के उपन्यासों में शिल्प और संवेदना. (Dr. B. J. Solanki), Lecturer, Shree M. R. Arts & Science College Rajpipla.

19. Vasava, Maheshbhai Nansingbhai. स्वातंत्र्योत्तर हिन्दी कहानियों में यथार्थ-बोध ( परिन्दे', लंदन की एक रात', आर्द्रा', एक ओर जिंदगी', खोयी हुई दिशाएँ, दिल्ली में एक मौत', गुल की बन्नो' कहानियों के संदर्भ में). (Dr. Navinchandra M. Kalarathi), Shri Jayendrapuri Arts & Science College, Bharuch.

20. Vasava Hemubahen Dityabhai. साठोत्तरी हिन्दी गजल में सामाजिक चेतना. (Dr. M. R. Bhoye), Lecturer, Shri M. R. Arts & Science College Rajpipla.

**Psychology**

21. Thakor, Indrajitsinhji Dinkarsinhji. **વિદ્યાર્થીઓની અભ્યાસટેવોનું માપન કરતી સંશોધનીકાની રચના અને પ્રમાણીકરણ.** (Dr. Ashwinbhai C. Sharma), Lecturer, S.B. Garda College (Arts) & P.K. Patel College of Commerce, Navsari.

22. Shah Rajukumar Pravinchandra. **કરજણનગરની માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની સિદ્ધિપ્રેરણાનો વિવિધ પરિવર્ત્યો સાથેના સંબંધનો અભ્યાસ.** (Dr. Rudresh M. Vyas), Lecturer, M. T. B. Arts College, Surat.

**Rural Studies**

23. Vadia, Mayuribahen Jashvantrai. વોટરશેડ યોજના (સ્વસહારા જુથો) દ્વારા મહિલાઓના આર્થિક અને સામાજિક વિકાસ પર થયેલ અસરનો અભ્યાસ. (Dr. Vipul J. Somani), Reader, Department of Rural Studies, Veer Narmad South Gujarat University, Surat.

**Sanskrit**

24. Ahir Nileshkumar Somabhai. આદ્ય શંકરાચાર્યકૃત 'તત્વબોધ' એક સમીક્ષાત્મક અધ્યયન. (Dr. Smt. Hansaben A. Parmar), Lecturer in Sanskrit, Smt. J. P. Shroff Arts College, Valsad.

**Statistics**

25. Patel Tarulata Revabhai. Study on optimality and duality in nonlinear programming problems. (Dr. R. D. Patel), Professor & Head, Department of Statistics, Veer Narmad South Gujarat University, Surat.

# કોલેજ ન્યૂઝ

## સેમિનાર

માલીબા ફાર્મસી કોલેજ, બારડોલીમાં તા. ૨૭-૨૮ ફેબ્રુઆરી ૨૦૧૦ દરમ્યાન "Research in Experimental Pharmacology - Preclinical and clinical Aspects" વિષય ઉપર રાષ્ટ્રીય સેમિનાર યોજાઈ ગયો. જેમાં એમ. એસ. યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રો. આર. કે. ગોયલ, ટ્રસ્ટીશ્રી નલિનભાઈ વ્યાસ અને શ્રી ભગુભાઈ પટેલ ઉપસ્થિત રહયા હતા. જેમાં ડાં. એસ. બી. બોધરાઓ "Preclinical Pharmacolony - Present and Future" વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું. તદપરાંત વિષયને અનુરૂપ પોસ્ટર્સની રજૂઆત થઈ હતી. આ સેમિનારમાં એસ.પી.યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગરના કુલપતિશ્રી ડાં. બી.જી.પટેલ, પ્રો. એસ. કે. વાજપેયી (ડીન, ગવર્નમેન્ટ મેડિકલ કોલેજ, સુરત.) શ્રી કિરીટભાઈ પટેલ, પ્રો. ડાં. ડી. આર. શાહ, પ્રો. આર.જે.વેગમન, પ્રો. ડી. આર. શાહ વિગેરે ઉપસ્થિત રહયા હતા.

વલસાડ એન. એચ. કોમર્સ કોલેજના વિદ્યાર્થીઓએ પ્રા. આર. પી. પટેલના નેતૃત્વમાં વલ્લભવિદ્યાનગરના એજયુકેશન ટ્રસ્ટ દ્વારા યોજાયેલ 'સોફ્ટ સ્કીલ - ધી હીડન કરીક્યુલમ વિષય ઉપરના સેમિનારમાં ભાગ લીધો. આ સેમિનારમાં ચોઈસ બેઈઝડ ક્રેડીટ સીસ્ટમના સંદર્ભમાં વિદ્યાર્થીઓએ ચર્ચા અને પ્રશ્નોત્તરી કરી. પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓને પ્રિ. ડાં. જે. એમ. નાયકે પ્રોત્સાહિત કર્યા હતા.

## સેમિનાર

શ્રી જે.બી.ધારૂકાવાળા મહિલા આર્ટ્સ કૉલેજ, સુરત દ્વારા તા. ૨૦/૦૨/૨૦૧૦ને રોજ 'સમકાલીન ભારતીય સાહિત્યમાં ઉદ્‌ભવતા વલણો-તુલનાત્મક દષ્ટિએ' રાજયકક્ષાનો એક દિવસીય સેમિનાર યોજાયો હતો. સમારંભના અધ્યક્ષ પદે ડાં. બંકિમભાઈ ઠાકર હતા. સેમિનારના ઉદ્‌ઘાટક તરીકે શ્રી રવિન્દ્ર પારેખ હાજર રહયા હતા. આ સેમિનારમાં પ્રા. ડાં. રાજેન્દ્ર નાણાવટી, પ્રા. ડાં. પ્રસાદ બ્રહ્મભટ્ટ, પ્રા. ડાં.ઈ.વી.રામક્રિષ્નન્ અને પ્રા. ડાં. સવિતાબેન ગૌડ વગેરેએ વકતવ્યો આપ્યા હતા. એમ.ફિલ.તેમજ પીએચ.ડી.ના વિદ્યાર્થીઓ પણ આ સેમિનારમાં હાજર રહયા હતા.

## સ્પર્ધા

એ. વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરાની સ્ટુડન્ટસ કાઉન્સિલની ડિબેટ કમિટિના ઉપક્રમે તા. ૧૮-૦૧-૨૦૧૦ના રોજ યોજાયેલ કવીઝ સ્પર્ધામાં ૧૫ ટીમોએ ભાગ લીધો હતો. જેમાં જતીન પટેલ અને હિતેશ ધનગરની ટીમ પ્રથમ અને જીજ્ઞેશ સોલંકી તથા રાકેશ મિસ્ત્રીની ટીમ દ્વિતિય નંબરે રહી હતી.

કોલેજ ઓફ એપ્લાઈડ સાયન્સીસ એન્ડ પ્રોફેશનલ સ્ટડીઝ, ચીખલી દ્વારા ઈન્ટર કોલેજ સ્પર્ધા "Thinker's Race 2010" નું આયોજન તા. : ૨૦-૦૩-૨૦૧૦ના રોજ કરેલ હતું. જેમાં BCA, B.Sc (Comp) અને B.Sc (IT) ના ૮૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમમાં ઉદ્‌ઘાટન પ્રસંગે સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી તેમજ અન્ય ટ્રસ્ટીઓએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પુરૂ પાડયું હતું. સ્પર્ધાના Program In charge તરીકે I/C Principal Prof. Ashoksinh V. Solankiએ કાર્ય કર્યુ. Prof. Divyeshbhai Misrty (Govt. Science College Chikhli) એ જજની સેવાઓ આપી. A Spontaneous Speech સ્પર્ધાના જજ તરીકે શ્વેતા પુરોહિતે સેવા આપી હતી. પરિણામ : (1)**Programming in Java** - 1. Jaydeep Karena, 2. Naresh Kabar (Naranlala College of P. & A.S. Navsari). 1. Kiran Patel, 2. Rushi Shah (V.S.P. College, Bilimora. (2)**Programming in C++ Winners :** 1. Jigar Ahir, 2. Rinkesh Mistry (College of A.S. & P.S., Chikhli). Runners up-1. Harish Mistry, 2. Dharmesh Suthar (U.A. College of C.A. & I.T. Udhna) (3) **Programming in C** - Winners : 1. Udit Mishra, 2. Azhar Mohamed (Rofel College, Vapi) Runners up : 1. Sandeep Vani, 2. Kamlakannan Dheendhyalan (u.A. College of C.A. & I.T., Udhna) (4) **Query Generation.** Winner : 1 Tejas Desai (Dolah Usha College, Valsad. Runners up : 1. Divya Lad (College of A.S. & P.S., Chikhli) (5) **Mini Project.** Winners : 1. Pinkal Mistry, 2. Bhavi Lad, 3. Ankita Gohil (College of A.S. & P.S., Chikhli). Runners Up : 1. Nayan Patel, 2. Bhavesh Patel (College of A.S. & P.S., Chikhli) (6) **Spontaneous Speech**. Winners : 1 Issac Prasanna (B.C.A. College, Amroli) Runners Up : 1. Shoeb Mansoor ((College of A.S. & P.S., Chikhli)

## રિસોર્સ સેન્ટર

શાહ એન.એચ.કોમર્સ, કોલેજ વલસાડને, યુનિવર્સિટી ગ્રાંટ કમિશન તરફથી ૧૧મી યોજનામાં યુજીસી નેટવર્ક રિસોર્સ સેન્ટર માટે મર્જડ સ્કીમ અંતર્ગત મંજૂરી મળી છે. આ સેન્ટર માટે યુનિવર્સિટી ગ્રાંટ કમિશન તરફથી કોમ્પ્યુટર્સ, સોફ્ટવેર, ફેક્ષ મોડેમ તથા ઈન્ટરનેટ કનેકટીવીટી માટે આર્થિક સહાય આપવામાં આવે છે.

## એન. એસ. એસ.




બી.પી.બારિયા સાયન્સ ઈન્સ્ટિટયૂટ નવસારીની એન.એસ.એસ. સ્વયંસેવિકા કુ. કોમલ વિજય ભટ્ટ મીનીસ્ટ્રી ઓફ યુથ અફેર્સ એન્ડ સ્પોર્ટસના નેજા હેઠળ પુના યુનિવર્સિટી, પુનાના યજમાનપદે યોજવામાં આવેલ દસ દિવસીય "ઓલ ઈન્ડિયા વેસ્ટ ઝોન" એન. એસ. એસ. પ્રિ. આર. ડી. પરેડ કેમ્પ માટે પસંદગી પામ્યા હતા. તાલીમના અંતે કુ. કોમલ ભટ્ટની નવી દિલ્હી મુકામે તારીખ ૧લી જાન્યુઆરી થી ૩૧ મી જાન્યુઆરી, ૨૦૧૦ના દિવસોએ યોજાયેલ એન. એસ. એસ. રી-પબ્લીક પરેડ કેમ્પ માટે પસંદગી થઈ હતી. પ્રજાસત્તાક પરેડ બાદ વડાપ્રધાન સાથેના ગ્રુપ ફોટો ફંકશન, રાષ્ટ્રપતિ શ્રીમતી પ્રતિભાદેવી પાટીલ હાઉસના મુગલગાર્ડનમાં થયેલ ફંકશન તથા ઉપરાષ્ટ્રપતિ શ્રી અહમદ અંસારીના નિવાસ સ્થાને થયેલ ઓળખ મુલાકાત પ્રસંગે સૌ સાથે અલ્પાહાર વેળા કુ. કોમલ ભટ્ટ સામેલ હતા. અભિનંદન

## આરોગ્ય

- સી.એન.કોઠારી હોમિયોપેથીક મેડિકલ કોલેજ એન્ડ રીસર્ચ સેન્ટર, વ્યારા સંચાલિત છોટાલાલ વિરચંદ પેરીફકલ ડિસ્પેન્સરીનું ઉદ્‌ઘાટન જલારામ મંદિર, વ્યારા ખાતે તા. ૧૧-૦૩-૨૦૧૦ રોજ કરવામાં આવ્યું હતું. ઉદ્‌ઘાટનનાં દિવસે ૧૨૧ દર્દીઓને વિનામૂલ્યે તપાસી હોમિયોપેથીક દવા આપી હતી. જેમાં ડૉ. મીનાબેન કાલરાએ સેવા આપી હતી તથા તા. ૧૨-૩-૧૦ના રોજ રોટરી આઈ ઈન્સ્ટિટયૂટ નવસારીના સહયોગથી 'વિશ્વ ઝામર દિને' નિમિત્તે ૫૬ ગરીબ દર્દીઓની આંખની તપાસ વિનામૂલ્યે કરવામાં આવી હતી. તેમાંથી ૭ દર્દીઓના ઓપરેશન વિના મૂલ્યે કરવામાં આવશે.
- એ.વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરાના એન.એસ.એસ.ના ઉપક્રમે જિલ્લા રોગ નિયંત્રણ અધિકારી તેમજ જિલ્લા એઈડ્‌સ કંટ્રોલ યુનિટના અધિકારીશ્રીએ એચ-વન, એન-વન, સ્વાઈન ફ્લુ વિષય પર દ્રશ્ય-શ્રાવ્ય માધ્યમ દ્વારા માહિતી આપી હતી.
- એસ.પી.બી. ફીઝિયોથેરાપી કોલેજ, સુરતમાં તા. ૨૦ થી ૨૧-૦૩-૨૦૧૦ સુધી "ફીઝિયો - યોગ" ઈન્ટિગ્રેટીડ એપ્રોચ ઓફ ફીઝિયોથેરોપી એન્ડ યોગ ઈન લો બેક પેઈન સિન્ડ્રોમ વિષય ઉપર વર્કશોપનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં ફીઝિયોથેરાપી અને યોગ દ્વારા કમરનાં દુખાવાને કાયમી દૂર કરવા માટેની વિવિધ સારવાર પધ્ધતિઓ વિશે ડૉ. નિલિમાં પટેલના માર્ગદર્શન હેઠળ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ડૉ. બીના દવે અને ડૉ. નિલિમા પટેલનાં હસ્તે સર્ટીફીકેટ આપવામાં આવ્યા હતાં.
- શ્રી જય સચ્ચિદાનંદ સંઘ, દાદા ભગવાન પ્રેરિત સી.એન.કોઠારી હોમિયોપેથીક મેડીકલ કોલેજ એન્ડ રીસર્ચ સેન્ટર, વ્યારા સંચાલીત છોટાલાલ વિરચંદ સોલંકી ડીસ્પેન્સરી, વિના મૂલ્યે હોમિયોપેથીક દવાખાનાનું રાણીઆંબા ખાતે ઉદ્‌ઘાટન શ્રી એસ.એમ.મોદી પ્રાયોજના વહીવટદાર ટ્રાયબલ સબપ્લાન કચેરીના વરદ હસ્તે તા. ૨૭/૦૩/૨૦૧૦ ના રોજ કરવામાં આવ્યું.

## ઈનામ વિતરણ

- નવયુગ કોમર્સ કોલેજ, સુરતમાં તા. ૨૪-૦૨-૨૦૧૦ ના રોજ સિન્ડીકેટ સભ્ય શ્રી દિનેશભાઈ દાસાના પ્રમુખપદે તથા કોમર્સ ફેકલ્ટીના ડીન પ્રિ. ડૉ. વી. ડી. નાયક તથા રમતપ્રેમી અને યુવા દાનવીર શ્રી કમલેશભાઈ પટેલના અતિથિ વિશેષ પદે વાર્ષિક ઈનામ વિતરણ સમારંભ યોજાઈ ગયો. મહેમાનોના હસ્તે કોલેજમાં અને યુનિ.માં ઉચ્ચ વર્ગ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓ તથા રમતગમત ક્ષેત્રે તરણ, વોલીબોલ, વેઈટલીફટીંગ તથા પાવરલીફટીંગ સ્પર્ધામાં યુનિ. "ચેમ્પીયન" બનેલી ટીમોના ખેલાડીઓને શિલ્ડ તથા ટ્રેકશુટ આપી સન્માનવામાં આવ્યા હતા. પ્રો.બી.જી. વશીએ મહેમાનોને આવકારી સ્વાગત કર્યું હતું. પ્રિ.જે.એમ. નાયકે વર્ષે દરમ્યાન શૈક્ષણિક અને સહશૈક્ષણિક ક્ષેત્રે મેળવેલી સિધ્ધિઓનો અહેવાલ આપ્યો હતો. શ્રી દાસા તથા પ્રિ.વી.ડી. નાયકે કોલેજની પ્રગતિને બીરદાવી ઈનામ મેળવનાર વિદ્યાર્થીઓ તથા ખેલાડીઓને અભિનંદન આપ્યા હતા. શ્રી કમલેશભાઈ પટેલે ચાલુ વર્ષના ઈનામો માટે રૂા. ૧૫,૦૦૦/- તથા ૧,૫૦,૦૦૦ /- ની રકમ કુટુંબીજનોની યાદમાં ફિક્ષ્ડ ડીપોઝીટ કરી તેના વ્યાજમાંથી દર વર્ષે રમતગમતની ચેમ્પીયન ટીમને ઈનામ આપવા માટે સ્ટુડન્ટ કાઉન્સિલને દાન આપ્યું હતું. પ્રિ. જે. એમ. નાયકે ઉદાર સખાવત માટે શ્રી કમલેશભાઈનો આભાર માન્યો હતો.
- તા. ૦૫-૦૩-૨૦૧૦ ના રોજ આટર્સ એન્ડ કોમર્સ કોલેજ, ઓલપાડમાં પરીક્ષામાં તથા વર્ષ દરમિયાન વિવિધ પ્રવૃત્તિઓમાં શ્રેષ્ઠ દેખાવ કરનાર વિદ્યાર્થીઓને સન્માનિત કરી ઈનામ વિતરણ કરવાનો કાર્યક્રમ કોલેજ સંચાલક મંડળના પ્રમુખશ્રી વી. બી. પટેલના અધ્યક્ષસ્થાને તથા તાલુકા પંચાયત ઓલપાડના પ્રમુખ શ્રીમતી શર્મિષ્ઠાબેન પટેલ, નવયુગ સાયન્સ કોલેજના પ્રિ. ડૉ. અશ્વિનભાઈ પટેલ તથા બરફીવાલા કોમર્સ કોલેજના ડૉ. ડી.એ.પટેલના મુખ્ય મહેમાનપદે તેમજ કોલેજ સંચાલક મંડળના સહમાનદમંત્રીશ્રી ગોવિંદભાઈ પટેલ, ખજાનચીશ્રી છગનભાઈ પટેલ તથા વાલીમંડળના પ્રમુખશ્રી ધનસુખભાઈ શાહના અતિથિ વિશેષપદે યોજાઈ ગયો. મુખ્ય મહેમાન ડૉ. અશ્વિનભાઈ પટેલે વિદ્યાર્થીઓને સખ્ત મહેનત કરી ઉચ્ચતમ શિખર સર કરવા પ્રોત્સાહિત કર્યા હતા. ડો. ડી. એ. પટેલે જીવનમાં ઉચ્ચ ધ્યેય રાખી બની શકે તેટલી સમાજ સેવા કરવા જણાવ્યું હતું. વાલીમંડળના પ્રમુખશ્રી ધનસુખભાઈ શાહે કોલેજની પ્રગતિને બીરદાવી હતી. સમારંભના અધ્યક્ષસ્થાનેથી શ્રી વી. બી. પટેલે તેજસ્વી તારલાઓની સિધ્ધિઓને બીરદાવી હતી.
- બી.પી. બારિયા સાયન્સ ઈન્સ્ટિટયૂટ, નવસારીમાં તા. ૧૯-૦૨-૨૦૧૦ના રોજ ઓલ ઈન્ડિયા સુગર ફેડરેશનના ચેરમેન શ્રી જે. બી. પટેલના પ્રમુખ પદે સાર્વજનિક એજયુકેશન સોસાયટી, સુરતના પૂર્વ પ્રમુખ શ્રી દિનકરરાય નાયકના મુખ્ય મહેમાન પદે અને ટ્રસ્ટી શ્રી અસ્મીભાઈ ફનીબંદાના અતિથિવિશેષ પદે પારિતોષિક વિતરણ તેમજ વાર્ષિક મિલન સમારંભ યોજાઈ ગયો. જેમાં પ્રિ. ડૉ. દીનાબેન ચાંપાનેરીએ કોલેજની ગતિવિધિઓની માહિતી આપી. આ કાર્યક્રમમાં વિવિધ ક્ષેત્રોમાં વિશિષ્ટ સિધ્ધિઓ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. આમંત્રિત મહાનુભાવોએ પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યું હતું. આ કાર્યક્રમમાં 'કાળ કિનારે' નાટકની પ્રસ્તુતિ કરવામાં આવી હતી.
- એ.વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરાનો વાર્ષિક ઈનામ વિતરણ સમારોહ-વિદાય સમારંભમાં આચાર્યા ડૉ. શ્રીમતી ભારતીબેન પંચોલીએ સમારંભના પ્રમુખશ્રી રાજેશભાઈ પટેલ તથા અતિથિ વિશેષ શ્રી જયમલ નાયકનું પુષ્પ-ગુચ્છ અર્પણ કરી સ્વાગત કર્યું. આ બંને મહેમાનો કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ છે. સામાન્ય મંત્રી શ્રી મનોજ ટંડેલે વર્ષ દરમિયાનની ગતિવિધિઓ રજૂ કરી. સમગ્ર

વર્ષ દરમ્યાન વિદ્યાર્થી પ્રતિનિધિ મંડળ તથા સ્વર્ણિમ ગુજરાતની સપ્તધારા હેઠળ થયેલ વિવિધ પ્રવૃત્તિઓમાં ઈનામો મેળવનાર વિદ્યાર્થીઓને મહેમાનો તથા આચાર્યાના હસ્તે ઈનામો એનાયત કરવામાં આવ્યા. વિદાય લેતાં વિદ્યાર્થીઓને કરેલ ઉદ્બોધનમાં આચાર્યા ભારતીબેને, વિદ્યાર્થીઓને જીવનમાં આવનારી મુશ્કેલીઓથી ડરવું નહિ પણ એ મુશ્કેલીઓનો સામનો કરી તેને અવરોધોને બદલે તકમાં ફેરવવાની સલાહ આપી. સમારંભના પ્રમુખશ્રી રાજેશભાઈ પટેલે વિદ્યાર્થીઓને તેમનાં ભાવિ ઘડતર માટે કહયું કે "દ્રઢ સંકલ્પ અને સમયનું મૂલ્ય સમજનાર કદી નિષ્ફળ જતો નથી, માટે હકારાત્મક અભિગમ કેળવો." શ્રી જયમલ નાયકે વિદ્યાર્થીઓને સફળતા માટેની ગુરૂ ચાવીઓ બતાવી. પ્રતિનિધિ મંડળના ઉપપ્રમુખ પ્રા. જે.જી. ભાવસાર અને પ્રા. સુધાબેન રાવલના હસ્તે મહેમાનોને સ્મૃતિભેટ અર્પણ કરવામાં આવી.

## વ્યાખ્યાન

ભગવાન મહાવીર કોલેજ ઓફ એજયુકેશન, સુરત એમ.એડ્.માં ડૉ. પ્રવિણભાઈ પચ્ચીગરનું "મનોવિકૃતિ" તથા ડૉ. અશ્વિનભાઈ દેસાઈનું "શિક્ષણમાં ખાનગીકરણ" વિષય પર તદ્પરાંત ભૂતપૂર્વ સ્નેહમિલન સમારંભમાં પ્રા.શ્રી હરિન્દ્રભાઈનું 'શિક્ષણમાં સંચાલક, આચાર્ય, શિક્ષકો, વિદ્યાથીઓ અને વાલીની ભૂમિકા' વિષય પર વ્યાખ્યાન યોજાઈ ગયું.





વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત માન્ય વ્યાખ્યાન અંતર્ગત બી.એડ. (બેસિક એજયુકેશન), ગાંધી વિદ્યાપીઠ, વેડછીમાં ૫ એપ્રિલ, ૨૦૧૦ના દિને "કમ્પ્યૂટર અને તેના કાર્યો" વિષય પર એક નિદર્શન સાથેના વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. તજજ્ઞ તરીકે શિક્ષણ વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના પ્રોફેસર ઉમ્મેદસિંહએ સેવા આપી હતી. તેમનું ઉપરોક્ત વિષય પર એલ.સી.ડી. પ્રોજેકટરની મદદથી ઈન્ટરનેટ ઉપયોગ અંગે વિવિધ પ્રકારના પ્રેકિટકલ માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું. જેમાં બી.એડ્.ના તલીમાર્થીઓએ સક્રિય રહીને રસપૂર્વક ભાગ લીધો હતો.

## વાર્ષિકોત્સવ

એ.વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરામાં વિદ્યાર્થી સંઘના ઉપક્રમે તા. ૨૬-૨-૨૦૧૦ના રોજ વાર્ષિકોત્સવની ઊજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ દ્વારા અઢાર કૃતિઓ રજૂ કરવામાં આવી હતી.

વિદ્યાભારતી ટ્રસ્ટ કોલેજ ઓફ એજયુકેશન, ઉમરાખમાં તા.૨૭-૦૨-૨૦૧૦ના રોજ વાર્ષિકોત્સવની ઊજવણી કરવામાં આવી. જેમાં ટ્રસ્ટીશ્રી જગદીશભાઈ પટેલ, મંત્રીશ્રી સીતારામભાઈ પટેલ, રોટે. હેંમતભાઈ દેસાઈ, પ્રિ. ડાૅ. જયંતીભાઈ ચૌધરી ઉપસ્થિત રહયા હતા. પ્ર. વિદ્યાર્થીઓએ નૃત્ય અને નાટયકૃતિઓ રજૂ કરી હતી.

એમિટી બી.એડ્. અને પી.ટી.સી. કોલેજ, ભરૂચ તા. ૨૦-૦૩-૨૦૧૦ ના રોજ દીક્ષાંત સમારોહ અને વાર્ષિકોત્સવ યોજાયો . આ કાર્યક્રમનું મુખ્ય મહેમાનપદ શ્રી એમ. કે. કોલેજ ઓફ કોમર્સ, ભરૂચના પ્રાચાર્ય અને યુનિવર્સિટીના સેનેટસભ્યશ્રી ડાૅ. વિજયભાઈ જોશીએ શોભાવ્યું હતું. તેમના વરદ્હસ્તે વિવિધ સ્પર્ધાઓના વિજેતાઓને પ્રમાણપત્ર વિતરણ કરવામાં આવ્યા. મહેમાનશ્રીએ દીક્ષાંત પ્રવચનમાં ભાવિ શિક્ષકોને પ્રેરણારૂપ માર્ગદર્શન પૂરૂં પાડયું હતું. આ ઉપરાંત બી. એડ્. અને પી.ટી.સી. કોલેજના તાલીમાર્થીઓએ વિવિધ કૃતિઓ રજૂ કરી હતી.

## પીએચ.ડી.

ભગવાન મહાવીર કોલેજ ઓફ એજયુકેશન એમ. એડ્, સુરતના પ્રા. કીર્તિ માટલીવાલાએ "સુરત જિલ્લામાં પ્રાથમિક શિક્ષક કક્ષાએ સેવાકાલીન તાલીમી કાર્યક્રમો - એક સર્વેક્ષણ" વિષય પર ડો. રાઈસિંગભાઈ ચૌધરીના માર્ગદર્શન હેઠળ તૈયાર કરેલ શોધનિબંધને રાખી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદએ પીએચ.ડી.ની પદવી એનાયત કરી. અભિનંદન.

આર.એ.સિંઘએ 'દક્ષિણ ગુજરાતની માધ્યમિક શાખાઓના શિક્ષકોના મૂલ્યો અને વ્યાવસાયિક સંતોષનો અભ્યાસ' વિષય પર ડાૅ. જી.એસ.પરમારના માર્ગદર્શન હેઠળ તૈયાર કરેલ શોધનિબંધને માન્ય રાખી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતએ પીએચ.ડી.ની પદવી એનાયત કરી છે. અભિનંદન.

## એવોર્ડ

શેઠ સી.ડી.બરફીવાલા કોલેજ ગ્રંથાલય સંચાલિત "મને ગમતું પુસ્તક" તથા "ગોલ્ડન સ્ટડી સર્કલ" અન્વયે વર્ષે ૨૦૦૯-૧૦નો શ્રેષ્ઠ વાચકનો એવોર્ડ શ્રી સુજીત પી હરખાણીને એનાયત કરવામાં આવ્યો છે. અભિનંદન.

# વાચન વિશેષ

## "વડો પ્રધાન છું છતાંય..."

"વાહ ! આ સાડીઓ તો બહુ સરસ છે. શી કિંમત છે ?"
"જી, આ આઠસોની છે, અને આ હજાર રૂપિયાની."
"ઓહો ! એ તો બહુ કિંમતી કહેવાય. એનાથી સસ્તી બતાવશો મને?"
"તો આ જુઓ પાંચસોની અને આ ચારસોની છે."
"અરે ભાઈ, એ પણ કિંમતી ગણાય. કાંઈક ઓછી કિંમતની બતાવો, તો મારા જેવા ગરીબને પોસાય !"
"વાહ સરકાર - એવું શું બોલો છો ? આપ તો અમારા વડા પ્રધાન છો- ગરીબ શાના ? અને આ સાડીઓ તો આપને ભેટ આપવાની છે."
"ના, મારા ભાઈ, એ ભેટ હું ન લઈ શકું."
"કેમ વળી ? અમારા વડા પ્રધાનને કાંઈક ભેટ ધરવાનો શું અમને અધિકાર નથી ?"
"હું ભલે વડો પ્રધાન હોઉં, પણ તેનો અર્થ એ નહીં કે જે ચીજ હું ખરીદી ન શકું તેમ હોઉં, તે ભેટરૂપે લઉં, વડો પ્રધાન છું તે છતાંય હું છું તો ગરીબ જ. મારી હેસિયત પ્રમાણેની સાડીઓ જ હું ખરીદવા માગું છું. માટે ઓછી કિંમતવાળી સાડીઓ મને બતાવો."

રેશમના કારખાનાવાળાની બધી વિનવણીઓ નકામી ગઈ. આખરે લાચાર થઈને અને સસ્તી સાડીઓ બતાવવી પડી. અને એમાંથી ગરીબ ભારતના વડા પ્રધાન લાલ બહાદુરજીએ પોતાના પરિવાર માટે જોઈતી સાડીઓ ખરીદ કરી. (સાભાર : અરધી સદીની વાચનયાત્રા :૩)

## સંવિધાન

ઓગષ્ટ, ૧૯૪૭માં ભારતના ભાગલા થયા, મુસ્લિમલીગના ૭૩ માંથી ૬૯ સભ્યો પાકિસ્તાન ગયા, જયારે બાકીના ચારે ભારતમાં રહેવાનું સ્વીકાર્યું. બીજી બાજુ દેશીરાજયો એક પછી એક ભારતમાં વિલીન થતાં ગયા... કાશ્મીર જોડે કરાર થયા. નિઝામને નમતૂં મૂકવું પડયું અને છેલ્લે હૈદ્રાબાદ રાજય પણ આવ્યું. રાષ્ટ્રનું રાજકીય-ભૌગોલિક સ્વરૂપ બદલાતું રહયું. પરિણામે બંધારણસભાને પણ આ બધાં પરિબળોને અનુરૂપ સતત બદલાવવું પડયું. અંતે બે વર્ષ, અગિયાર માસ ૧૮ દિવસ ચાલેલી મહાન બંધારણસભાએ ર૬ નવે. શનિવાર ૧૯૪૯ના દિવસે અપાર હર્ષનાદો વચ્ચે આપણા મહાન બંધારણને બહાલી આપી. ડૉ. આંબેડકરે મુકેલી દરખાસ્ત... "That the Constitution as settled by the Assembly be passed." પ્રસાર થઈ વિશ્વમાં અજોડ બંધારણની ભેટ ધરી... બંધારણની મુદ્રિત પ્રીન્ટ તૈયાર કરવામાં બે માસ લાગ્યા. બંધારણ સભાનું અંતિમ બારમું અધિવેશન માત્ર એક જ દિવસ માટે મંગળવાર તા. ર૪-૧-૧૯૫૦ના દિવસે અપાર આનંદ ઉલ્લાસયુકત વાતાવરણમાં મળ્યું. (૧) જન મન ગણ અધિનાયક... (ર) વંદે માતરમ્... બન્ને ગીતોનો રાષ્ટ્રગીત તરીકે સર્વાનુમતે હર્ષનાદ સાથે સ્વીકાર કરવામાં આવ્યો, જેનો પ્રસ્તાવ અધ્યક્ષ સ્થાનેથી ડૉ. રાજેન્દ્ર પ્રસાદે મૂકયો હતો. બંને ગીતોને દરજજો-સ્થાન સમાન રખાયા હતા અને 'સેસન' સમાપન તરીકે શ્રીમતિ પૂર્ણિમા બેનરજીએ તથા અન્ય સભ્યોએ સાથે મળી ઉભા રહી, જન મન ગણ ગીત ગાયું. ત્યારબાદ પંડિત લક્ષ્મીકાંત મિત્રાએ અને બીજાઓએ ઉભા થઈ વંદે માતરમ્ ગીત ગાયું... બંધારણની સ્વીકૃતિ માટે દરેક સભ્યોએ આ પવિત્ર ઐતિહાસિક દસ્તાવેજ ઉપર ત્રણ નકલોમાં પોતાના હસ્તાક્ષર અંકીત કર્યા. સંયુકત રાજય અમેરિકાએ અપનાવેલી પ્રણાલી પ્રમાણે (સ્વતંત્ર ભારતના 'પ્રથમ ગવર્નર જનરલ, રાજગોપાલાચાર્ય (રાજાજી)ને બાજુએ મુકી) ચુંટણી અધિકારી સચિવ શ્રી એચ.વી. આયંગરે - (નહેરૂની દરખાસ્ત તથા સરદાર પટેલના સમર્થનવાળુ) એક જ ઉમેદવારી પત્ર આવ્યું હોવાથી બંધારણસભાના અધ્યક્ષ ડૉ. રાજેન્દ્ર પ્રસાદને પ્રજાસત્તાક ભારતના પ્રથમ (કામચલાઉ) રાષ્ટ્રપ્રમુખ તરીકે ચૂંટાયેલા જાહેર કર્યા. અંતે જયાં સુધી નવા બંધારણ પ્રમાણે - પુખ્ત મતાધિકારના ધોરણે નવી લોકસભા માટેની ચૂંટણીઓ ન થાય ત્યાં સુધી (માર્ચ ૧૯૫ર સુધી) આ બંધારણસભાને 'કામચલાઉ પાર્લામેન્ટ' ઘોષિત કરી મહાન બંધારણસભાની પૂર્ણાહુતી કરવામાં આવી... "The House will stand adjourned now sine die..."

(પ્રજાસત્તાક ભારતની પ્રથમ 'કામચલાઉ પાર્લામેન્ટ'નું પ્રથમ અધિવેશન ૧ લી ફેબ્રુ. ૧૯૫૦ બુધવારે સવારે મળ્યું. જેના સ્પીકર દાદાસાહેબ ગણેશ વાસુદેવ માવલંકર હતા અને ડે. સ્પીકર અનંત શયનમ આયંગર હતા...)

આપણા બંધારણની ત્રણ નકલો કરવામાં આવી હતી. એક હસ્તલિખિત નકલ ખાસ લહિયા-કલાકાર પાસે તૈયાર કરવામાં આવી અને બીજી અંગ્રેજી નકલ પ્રેસ દ્વારા મુદ્રિત કરવામાં આવી હતી. જયારે ત્રીજી નકલ હિન્દી ભાષામાં હસ્તલિખિત નકલ તૈયાર કરવામાં આવી હતી. સર્વ સભ્યો જયાં બેઠા હતાં ત્યાં તે સ્થળે તે કામમાં બેઠા બેઠા સહીઓ કરવાની વ્યવસ્થા કરવામાં આવી હતી.

"અધ્યક્ષ ડૉ. રાજેન્દ્ર પ્રસાદે કહયું-વડાપ્રધાન પંડિત નહેરૂને જનતાના કામે જવાનું હોવાથી તેઓ પ્રથમ સહી કરશે." આથી પં. નહેરૂએ અને સરદાર પટેલ એક-બીજાના હાથમાં હાથ નાંખી અધ્યક્ષના આસનની સમીપ ગયા અને ડૉ. આંબેડકરને પણ સાથમાં લેતા ગયા. (કારણ કે ડૉ. આંબેડકર આ સંવિધાનના શિલ્પી હતા.) આ Protocol શિષ્ટાચાર હતો. પ્રથમ નહેરૂ - સરદારની બેલડીએ અધ્યક્ષ સાથે હસ્તે વદને હસ્તધનુન કર્યું... ત્યારબાદ ડૉ. આંબેડકરે હસ્તધનુન કર્યું. ત્રણે પોતાની બેઠકે પાછા ફર્યા... સમગ્ર સભાગૃહ હર્ષધ્વનિ જયનાદોથી સતત ગુંજતું રહયું હતું. રાષ્ટ્રે એક મહત્ત્વનું સીમાચિન્હ પાર કર્યું હતું.

(સાભાર : આર્ષદ્રષ્ટા : ડૉ. બાબાસાહેબ આંબેડકર. લેખક : ડૉ. પી.જી. જયોતિકર. પૃ. ૧૧૬-૧૮)

## વિજ્ઞપ્તિ

સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓને સાદર જણાવવાનું કે, કોલેજના અદ્યતન સમાચાર 'દક્ષિણાયન'માં પ્રગટ કરવા માટે બી.જે. અંકુયા - તંત્રી, 'દક્ષિણાયન', વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય, ઉધના-મગદલ્લા રોડ, સુરત-૩૯૫૦૦૭ને મોકલી આપવા વિનંતી.

नाहं निन्दे न च स्तौमि स्वभावविषमं जनम् । एतेषां श्रेयआशासे उतैकात्म्यं महात्मनि ।।
મનુષ્ય સ્વભાવથી જ વિષમ હોવાથી હું તેની નિન્દા કે સ્તુતિ કરતો નથી; હું તો સર્વનું શ્રેય અને સર્વની પરમાત્મામાં એકતા ઇચ્છું છું.

શ્રીમદ્‌ભાગવત

न पुष्पार्थी सिज्याति शुष्कतरुम ।
જેને ફૂલ જોઈતા હોય છે તે સૂકા ઝાડને પાણી પાતો નથી.

ચાણકય

VNSGU
VEER NARMAD
SOUTH GUJARAT
UNIVERSITY, SURAT

**Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat**
Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.sgu.ernet.in

**Editor : B J Ankuya, Incharge University Librarian**
**Published by : Shri J R Mehta, Registrar**
Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : info@kliksolutions.com